કેન્દ્રીય સાતમા પગારપંચની ભલામણો અન્વયે રાજ્ય સરકાર હસ્તકના જાહેર સાહસો/બોર્ડ/નિગમના કર્મચારીઓને સુધારેલ ઘરભાડા ભથ્થા(HRA) સ્થાનિક વળતર ભથ્થા(CLA), તબીબી ભથ્થા(M.A) તથા પરિવહન ભથ્થા(T.A)નો લાભ આપવા બાબત

ગુજરાત સરકાર

નાણા વિભાગ

ઠરાવ ક્રમાંક: FD/OTH/e-file/4/2023/1837/A(BPE)

સચિવાલય, ગાંધીનગર

તા.૧૯/૧૦/૨૦૨૩

**વંચાણે લીધા:**

(૧) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૨૨/ઓ-૩૬૦/પગાર એકમ (ચ), તા.૨૪/૦૯/૨૦૨૨

(૨) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક:પગર/૧૦/૨૦૨૨/ઓ-૩૬૦/પગાર એકમ (ચ), તા.૨૪/૦૯/૨૦૨૨

(૩) નાણા વિભાગનો સુધારા ઠરાવ ક્રમાંક :પગર/૧૦/૨૦૨૨/ઓ-૩૬૦(૨)/પગાર એકમ (ચ) તા.૧૨/૧૦/૨૦૨૨

(૪) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૨૨/ઓ-૩૬૨/પગાર એકમ (ચ) ,તા.૨૪/૦૯/૨૦૨૨

(૫) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક: PGR/102022/O-360/Pay Cell (CH), તા.૨૪/૦૯/૨૦૨૨

**આમુખ**:

રાજ્ય સરકાર દ્વારા રાજ્ય સરકાર તથા પંચાયત હસ્તકના કર્મચારીઓને નાણા વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ઠરાવો(ક્રમ:૧ થી ૫) થી અનુક્રમે ઘરભાડા ભથ્થા(HRA), સ્થાનિક વળતર ભથ્થા(CLA), તબીબી ભથ્થા(MA) તથા પરિવહન ભથ્થા(TA) નો લાભ આપવામાં આવેલ છે.

કેન્દ્રીય સાતમા પગારપંચનો રાજ્ય સરકારની મંજુરીથી લાભ મેળવતા રાજ્ય સરકાર હસ્તકના જાહેર સાહસો- બોર્ડ/નિગમોને ઘરભાડા ભથ્થા(HRA), સ્થાનિક વળતર ભથ્થા(CLA), તબીબી ભથ્થા(MA) તથા પરિવહન ભથ્થા(TA) નો લાભ આપવા અંગે રાજ્ય સરકાર હસ્તકના વિવિધ જાહેર સાહસો/બોર્ડ-નિગમોના કર્મચારીઓ/યુનિયનો દ્વારા કરવામાં આવેલ રજુઆતો સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, રાજ્ય સરકાર દ્વારા રાજ્યના જાહેર સાહસો-બોર્ડ/નિગમોના કર્મચારીઓને રાજ્ય સરકારના કર્મચારીઓને મળતા ભથ્થાઓની જેમ ઘરભાડા ભથ્થા(HRA), સ્થાનિક વળતર ભથ્થા(CLA), તબીબી ભથ્થા(MA) તથા પરિવહન ભથ્થા(TA) ના લાભ નીચેની શરતોને આધીન આપવાનું ઠરાવવામાં આવે છે.

(૧) રાજ્ય સરકાર દ્વારા રાજ્યના જાહેર સાહસો- બોર્ડ/નિગમોને કે જેમને નાણા વિભાગના પરામર્શમાં રાજ્ય સરકારની મંજુરીથી સાતમા પગારપંચના લાભ આપવામાં આવેલ છે અને તે અન્વયે રાખવામાં આવેલ શરતોનો અમલ કરેલ હશે તેવા જાહેર સાહસો-બોર્ડ/નિગમોને આ ઠરાવ લાગુ પડશે.

(૨) છઠ્ઠા પગારપંચ અન્વયે જે જાહેર સાહસોમાં ઘરભાડા ભથ્થા(HRA), સ્થાનિક વળતર ભથ્થા(CLA), તબીબી ભથ્થા(MA) તથા પરિવહન ભથ્થા(TA) ના લાભ ગુજરાત મુલકી સેવા(પગાર આધારિત ભથ્થા) નિયમો, ૨૦૦૨ ને આધીન આપવામાં આવતા હશે તેવા જાહેર સાહસોને આ ભથ્થા મળવાપાત્ર થશે.

(૩) ઠરાવની સૂચનાઓનો અમલ કરવા માટે જે તે બોર્ડ/નિગમો દ્વારા પોતાના કાર્યવાહક મંડળ/બોર્ડ ઓફ ડીરેક્ટર્સની બેઠકમાં જરૂરી ઠરાવ પસાર કરવાનો રહેશે. તથા અમલવારીની જાણ નાણા વિભાગને અચૂક કરવાની રહેશે.

(૪) આ ઠરાવનો અમલ તા.૦૧/૧૦/૨૦૨૩ થી કરવાનો રહેશે તથા અન્ય સુચનાઓ ઉપર વંચાણે લીધેલ ક્રમાંક: ૧ થી ૫ સામે દર્શાવેલ ઠરાવો અનુસાર યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: Jayeshkumar Sharadchandra Joshi
Organization Unit: Finance Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 20-Oct-2023 (11:11 AM)

Letter No: FD/0363/10/2023 Dt: 20-10-2023

Signed by: Jayeshkumar Sharadchandra Joshi
Organization Unit: Finance Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 20-Oct-2023 (11:11 AM)

( જયેશ જોષી )

નાયબ સચિવ(જા.સા)

નાણાં વિભાગ

પ્રતિ.

- નામ. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વહિવટી વિભાગો

  ઉપરોક્ત ઠરાવની જાણ જે તે વિભાગના નિયંત્રણ હેઠળના તમામ બોર્ડ/નિગમ/જાહેર સાહસોને કરવા અને ઠરાવનું ચુસ્તપણે પાલન થાય તે જોવાની વિનંતી સાથે.

- રાજ્ય સરકારના સર્વે બોર્ડ/નિગમ/જાહેર સાહસો
- સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વેબ સાઇટ પર આ ઠરાવ અપલોડ કરવાની વિનંતી સહ
- સિલેક્ટ ફાઇલ